

# સૂરજ એસ્ટેટ ડેવલપર્સનો આઈપીઓ આજે ખૂલશે

અમદાવાદ,તા.૧૭

મુંબઇ સ્થિત રિયલ્ટર સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિ.એ દક્ષિણ મધ્ય મુંબઇ પ્રદેશમાં વ્યાપારી ક્ષેત્રોમાં રિયલ એસ્ટેટ વિકસાવી છે, અને માહિમ માટુંગા, દાદર, પ્રભાદેવી અને પરેલના બજારોમાં રહેણાંક પોર્ટફોલિયો ધરાવે છે. તેની ઈનિશિયલ પબ્લિક ઓફર માટે ઈક્વિટી દીઠ રૂા.૩૪૦થી રૂા.૩૬૦ના ભાવે પ્રાઈ, બેન્ડ નક્કી કર્યું છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફર સબસ્ક્રિપ્શન માટે સોમવારે, ૧૮ ડિસે.૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર, ૨૦ ડિસે. ૨૦૨૩ના રોજ બંધ થઇ જશે. રોકાણકારો ઓછામાં ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે. ઈક્વિટી શેર દીઠ ઈજ ૫ના ફેસ વેલ્યુનો પબ્લિક ઈશ્યુ સંપૂર્ણપણે રૂ. ૪૦૦૦ મિલિયનના ઈક્વિટી શેરનો નવો ઈશ્યુ છે જેમાં કોઈ ઑફર ફૉર સેલ ઘટક નથી.

રાજન મીનાથાકોનિલ થોમસ દ્વારા ૧૯૮૬ માં સ્થપાયેલ, સૂરજ એસ્ટેટ ડેવલપર્સ મુખ્યત્વે દક્ષિણ મધ્ય મુંબઈ પ્રદેશમાં વેલ્યુ લક્ઝરી, લક્ઝરી સેગમેન્ટ્સ અને કોમર્શિયલ સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને હવે બાંદ્રા સબ-માર્કેટમાં રહેણાંક રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં સાહસ કરે છે. અમે ભાડૂત મિલકતોના પુનઃવિકાસમાં નિષ્ણાત છીએ.

રિયલ એસ્ટેટ માર્કેટમાં છત્રીસ વર્ષથી વધુની લાંબી હાજરી ધરાવીને, તેણે દક્ષિણ-મધ્ય મુંબઈ ક્ષેત્રમાં ૧,૦૪૬,૫૪૩.૨૦સ્ક્વેર ફૂટથી વધુના ડેવલપ્ડ કરેલ એરિયા સાથે બેતાલીસ (૪૨) પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે.